RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 233, Dt.19-12-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સંસદમાં ધમાલ વચ્ચે ભાજપના સાંસદ ઘાયલ

## રાહુલ ગાંધી પર ધક્કા મુક્કીનો આરોપઃ ભાજપના સાંસદ પ્રતાપ સારંગી હોસ્પિટલમાં દાખલ : વડાપ્રધાન નરેન્દ્રમોદીને અપાઈ જાણકારી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ડો. આંબેડકર મુદ્દે સંસદમાં આપેલા નિવેદન પર રાજકારણ ગરમાયું છે. હવે આ મામલે આજે ભાજપ અને કોંગ્રેસ બંને આક્રમક મૂડમાં દેખાયા હતા અને જેના દશ્યો સંસદના પ્રાંગણમાં જ સામે આવ્યા હતા. જ્યાં ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધક્કામુક્કી થઈ હતી, જેમાં ભાજપના સાંસદ પ્રતાપ સારંગી ઈજાગ્રસ્ત થયા છે. તેમણે દાવો કર્યો છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ધક્કો મારતા ઈજાગ્રસ્ત થયા છે. હાલમાં તે હોસ્પિટલમાં દાખલ છે.

ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધક્કામુક્કીમાં ભાજપના સાંસદ પ્રતાપ સારંગીને ધક્કો વાગતા તે પડી ગયા અને તેમને ઈજા થઈ હતા. ભાજપ સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીએ જણાવ્યું હતું કે, પરાહુલ ગાંધીએ એક સાંસદને ધક્કો માર્યો હતો જે મારી ઉપર પડ્યાં હતા. જેના લીધે હું દબાઈ ગયો. હું પગથિયાં પર ઊભો હતો.


સંસદની બહાર થયેલી ધક્કામુક્કી લઈને રાજકારણ ગરમાયું છે. ભાજપનો આરોપ છે કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ તેમના બે સાંસદોને ધક્કો માર્યો હતો. જો કે કોંગ્રેસે ભાજપના આરોપોને ખોટા ગણાવ્યા હતા. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, પસંસદ કુશ્તી અને સ્માર્ટનેસ બતાવવાનું પ્લેટફોર્મ નથી. જેની સામે કોંગ્રેસે પણ વળતો પ્રહાર કરતાં આરોપ લગાવ્યાં કે ભાજપના સાંસદોએ અમને સંસદમાં જતાં જ અટકાવી દીધા હતા. ભાજપના સાંસદોએ પ્રિયંકા ગાંધી અને મલ્લિકાઅર્જુન ખડગે સાથે ધક્કામુક્કી કરી હતી. રાહુલે કહ્યું કે, પમને પોતે એ લોકોએ ધક્કો માર્યો અને સંસદમાં જતો અટકાવ્યો હતો. ભાજપના સાંસદો અમને ધમકાવી રહ્યા હતા અને ડો. આંબેડકરનું અપમાન કરે છે. આ લોકો કહે છે કંઈ અને કરે છે કંઈ. સંસદમાં જવાનો મારો અધિકાર છે અને તેઓ મારો આ અધિકાર છીનવી રહ્યા હતા.



ડો. આંબેડકર અંગે કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, પઆખા દેશના લોકો અમિત શાહ અને ભાજપના આ વલણથી દુઃખી છે. બુધવારે અમે સંસદની અંદર અને બહાર આ મુદ્દો ઊઠાવ્યો હતો. અમે ડો. આંબેડકરની તસવીર બતાવી રહ્યા છીએ, તેમણે તે જગ્યાએ (જ્યોર્જ) સોરોસની તસવીર મૂકી છે. આ સ્પષ્ટપણે આંબેડકરજીનું ફરીથી અપમાન છે.

## મને ઘૂંટણમાં ઈજા થઈ, તપાસ કરાવો:ખડગે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ ભાજપ પર આરોપ લગાવ્યા છે. ખડગેએ તપાસની માંગ સાથે સ્પીકરને પત્ર લખતા કહ્યું છે, કે પભાજપ સાંસદોએ ધક્કો મારતા મારા ઘૂંટણમાં ઈજા થઈ હતી, જેમાં પહેલેથી સર્જરી કરવામાં આવી છે. ઈજાના કારણે મારે જમીન પર બેસી જવું પડ્યું હતું.સંસદમાં ધક્કા-મુક્કીના મામલે વિપક્ષ નેતા મલ્લિકાર્જૂન ખડગેએ એક વીડિયો પણ શેર કર્યો છે. જેમાં દેખાઈ રહ્યું છે કે, સંસદમાં પ્રવેશ કરતાં સમયે સત્તાધારી પાર્ટી ભાજપના સાંસદો તરફથી કથિત રીતે કોંગ્રેસના સાંસદોને રોકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ આરોપ લગાવ્યો કે, ભાજપના સાંસદોએ ધક્કા મુક્કી કરી તેમાં મારા ઢીંચણમાં ઈજા થઈ છે. આ સંબંધિત ખડગેએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર પણ લખ્યો છે.

## શેરબજારમાં કડાકો : સેન્સેક્સ 1000 પોઈન્ટ તુટ્યો

**મુખ્ય સમાચાર,મુંબઈ**

આજે ભારતીય શેરબજાર ભારે ઘટાડા સાથે ખુલ્યું હતું. બજાર ખુલતાની સાથે જ BSE સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ્સ તૂટયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ ૩૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે. યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા વર્ષ ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો કરવાના કારણે ત્યાંના શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જેની અસર ભારતીય બજારો પર પણ પડી છે. સેન્સેક્સ ફરી ૮૦૦૦૦ની નીચે સરકી ગયો અને ૯૪૬ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯,૨૩૭ પર ટ્રેડ કરી રહ્યો છે અને નિફ્ટી ૨૯૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૯૦૭ પોઈન્ટ પર ટ્રેડ કરી રહ્યો છે.આ આધાર પર તમામ લિસ્ટેડ



કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૫.૯૪ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૬.૬૬ લાખ કરોડ થયું છે. આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૮૦૬ તો નીફટી ૨૪૧ પોઈન્ટ ડાઉન છે. દરમ્યાન ડોલર સામે રૂપિયો પહેલીવાર વધુ તુટીને ૮૫.૦૬ થયો છે આજે ૧૨ પૈસા તુટયો છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૮ નુકસાન સાથે ટ્રેડ થઈ રહ્યા છે અને માત્ર ૨ લાભ સાથે. ઘટતા શેરોમાં ઈન્ફોસિસ ૨.૪૯ ટકા, SBI ૨.૧૪ ટકા, HCL ટેક ૧.૯૩ ટકા, ટેક મહિન્દ્રા ૧.૮૫ ટકા, બજાજ ફિનસર્વ ૧.૬૭ ટકા, ટાટા સ્ટીલ ૨.૦૧ ટકાના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યાં છે. માત્ર HUL અને ITCના શેર જ ઝડપથી ટ્રેડ થઈ રહ્યા છે. સેન્સેક્સ ૧૧૦૦ પોઈન્ટથી વધુના ઘટાડા સાથે ખુલ્યો હતો, જ્યારે નિફ્ટી ૪૦૦ પોઈન્ટથી વધુના ઘટાડા સાથે ખુલ્યો હતો. જોકે, થોડા સમય બાદ સ્થિતિ થોડી શાંત થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. સેન્સેક્સ હાલમાં ૯૧૭ પોઈન્ટ ઘટીને ૭૯,૨૩૮.૦૮ પર ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે નિફ્ટી૫૦ ૨૮૩ પોઈન્ટ ઘટીને ૨૩,૯૧૪.૯૫ પર ટ્રેડ કરી રહ્યો છે. બેન્ક નિફ્ટી ૭૪૪ પોઈન્ટ્સ તૂટયો છે.

BSE સેન્સેક્સના ટોચના ૩૦ શેરોમાંથી બે સિવાયના તમામ શેરોમાં ઘટાડો છે. ઈન્ફોસિસના શેરમાં સૌથી વધુ ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે નિફ્ટીના ૪૭ શેર દબાણ હેઠળ કારોબાર કરી રહ્યા છે.

એશિયન પેઈન્ટ્સના શેરમાં ૨ ટકાથી વધુનો ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે ઈન્ફોસિસના શેરમાં ૩ ટકાનો ઘટાડો થયો છે, તો TCS, HCL, મહિન્દ્રા, HDFC બેન્કના શેરમાં લગભગ ૨ ટકાનો ઘટાડો થયો છે. સ્મોલ અને મિડ કેપમાં ત્રિવેણી ટર્બાઈન, ફાઈવ સ્ટાર બિઝનેસ, સોનાટા સોફ્ટવેર, ભારતી હેક્સાકોમ, નાયકા, કોચીન શિપયાર્ડના શેરમાં લગભગ ૩ ટકાનો ઘટાડો થઈ રહ્યો છે.


યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વે કહ્યું કે વધુ રેટ કટની અપેક્ષા છે, જેના કારણે બજારનો મૂડ બગડ્યો અને ફેડની ટિપ્પણીથી બજાર ડરી ગયું. બુધવારની કોમેન્ટ્રી વર્ષ ૨૦૨૫માં માત્ર બે કટનો સંકેત આપે છે. તે જ સમયે, સેન્ટ્રલ બેંકે કહ્યું છે કે મોંઘવારી પર વધુ કડકતાની જરૂર છે. જેના કારણે ભારતીય શેરબજારમાં પણ દબાણ જોવા મળી રહ્યું છે.

## ખાદ્ય પદાર્થોથી લઈને સાબુ, શેમ્પુ, બિસ્કીટ સહિતની ચીજ વસ્તુ ૫ થી ૨૦% મોંઘી થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી દિવસોમાં તમારૂ ઘરનું બજેટ ટાઈટ રાખવા તૈયારી કરી લેજો એક તરફ જથ્થાબંધ ફુગાવો નીચે આવી રહ્યો છે અને તેના કારણે છુટક ફુગાવો ઘટે તેવા સંકેત છે પરંતુ અત્યારે ફુગાવાજનક દબાણ અર્થતંત્ર પર સૌથી વધુ છે અને તેથી જ આ માસથી જ હિન્દુસ્તાન લીવર, ગોદરેજ કન્ઝયુમર, ડાબર, ટાટા, પારલે, વિપ્રો, મેરીકો, અદાણી, નેસલે સહિતની કંપનીઓ કે જે ખાદ્યથી લઈને રોજબરોજ વપરાશના ઉત્પાદનો વેંચે છે.

તેઓએ પોતાના પ્રોડકટના ભાવ વધારવા તૈયારી કરી લીધી છે અને ખાસ કરીને કોમોડીટીના ભાવમાં વધારો થયો છે આ ઉપરાંત કસ્ટમ



ડયુટી પણ વધી છે અને તેના કારણે ગ્રાહક સંબંધી ઉત્પાદનો બનાવતી કંપનીઓ માટે તેના તમામ ચીજોના ભાવ વધારાનું ફરજિયાત થયું છે તેલ, ચા, આઈસ્કીમ, સૌંદર્ય પ્રસાધનો ઉપરાંત ટુથપેસ્ટ સહિતની ચીજો પાંચથી વીસ ટકા જેટલી મોંઘી થશે.

સપ્ટેમ્બર માસમાં આયાત ડયુટીમાં ૨૨ ટકા જેટલી વધી છે આમ પુરા વર્ષમાં આ ડયુટી ૪૦ ટકા વધી છે. આ ઉપરાંત ખાંડ, ઘઉં અને તેનો લોટ અને કોફી આ તમામ મોંઘા બન્યા છે.

કોફીના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં અત્યાર સુધીમાં સૌથી ઉંચા નોંધાયા છે જેના કારણે કંપનીઓના પડતર ખર્ચમાં વધારો થયો છે. પારલે પ્રોડકટ દ્વારા તેના તમામ લોકપ્રિય બ્રાન્ડ ઉપરાંત હાઈડ એન્ડ સીક અને ફેબ બિસ્કીટના ભાવમાં પણ વધારો કરાયો છે.

કંપનીઓ આશા રાખે છે કે ભાવ વધારા છતાં પણ તેમાં ફર્ક પડશે નહીં. એક તરફ કન્ઝયુમર માર્કેટ ૪.૩ ટકાના ધોરણે વધ્યું છે પરંતુ નવેમ્બર માસમાં તેની માંગ ૪.૮ ટકા ઘટી છે.

## રોકાણકારોના ફંડનો ગેર ઉપયોગ રોકવા સેબી મેદાને

- એસએમઈ આઈપીઓ પર સેબીએ લગામ કસી : નવા નિયમોને મંજુરી



**મુખ્ય સમાચાર,મુંબઈ**

માર્કેટ રેગ્યુલેટર સેબીએ ગઈકાલે એસએમઈ આઈપીઓ માર્કેટને મજબુત બનાવવા લીસ્ટીંગની કવોલીટી બહેતર કરવા અને રોકાણકારોનાં હિતની રક્ષા કરવા માટે અનેક નવા નિયમોને મંજુરી આપી છે. આ નવા નિયમો ઝડપથી વધતા એસએમઈ સેકટરમાં પારદર્શિતા ગર્વનેસ અને ફંડના ખોટા ઉપયોગ જેવી ચિંતાઓ દુર કરવા માટે છે.

નવા નિયમો મુજબ એસએમઈ એકસચેંજમાં લીસ્ટ થનારી કંપનીઓને ગત નાણાંકીય વર્ષોમાંથી કમ સે કમ બે વર્ષમાં ૧ કરોડ રૂપિયાનું ઓપરેટીંગ પ્રોફીટ બતાવવો પડશે.

આ પગલાથી આર્થિક રીતે મજબુત અને ભરોસાલાયક બિઝનેસ જ માર્કેટમાં આવી શકશે. સાથે સાથે સેલીંગ શેર હોલ્ડર હવે આઈપીઓ દરમ્યાન પોતાની ૫૦ ટકાથી વધુ ભાગીદારી નહિં વેચી શકે.

સેબીએ આઈપીઓથી મળનારા પૈસાનાં ઉપયોગ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. કંપનીઓ હવે પ્રમોટર્સ, ડાયરેકટર્સ કે રિલેટેડ પાર્ટીઓ પાસેથી લેવાયેલી લોન ચુકવવા આ પૈસાનો ઉપયોગ નહિં કરી શકે.

તેનો ઉદેશ ફંડના ખોટા ઉપયોગને રોકવા અને જમા કરવામાં આવેલ પૈસાનો ખરી જગ્યાએ ઉપયોગ નિશ્ચિત કરવાનો છે. આ સુધારાથી એસએમઈ આઈપીઓમાં રોકાણકારોનાં વિશ્વાસ વધવાની આશા છે.

## મુંબઈમાં બોટ કરૂણાંતિકામાં ચોકાવનારો ખુલાસોઃ યાત્રીઓને લાઈફ જેકેટ નહોતા અપાયા


### બોટ ટકકરમાં ૧૩ યાત્રીઓના મોતઃ સીઆઈએસએફના જવાનોએ ૧૧૫ યાત્રીઓને બચાવ્યા

**મુખ્ય સમાચાર,મુંબઈ**

નેવીની સ્પીડ બોટ અને એક પેસેન્જર બોટની ટકકરમાં ૧૩ યાત્રીઓના મોત નિપજયા છે, જયારે ૧૧૫ જેટલા યાત્રીઓનો બચાવ કરવામાં આવ્યો છે. ચોંકાવનારી બાબત એ હતી કે બોટમાં સવાર યાત્રીઓને લાઈફ જેકટ નહોતા અપાયા. આ દુર્ઘટના વધુ મોટી બની હોત પરંતુ સીઆઈએસએફના જવાનોએ વીરતાપૂર્વક બચાવ કામગીરી કરી હતી. આ મામલે નેવી બોટના ચાલક સામે કેસ નોંધવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સરકારે મૃતકોના પરિવારજનોને સહાય જાહેર કરી છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આ નાવમાં મહિલાઓ અને બાળકો પણ હતા અને યાત્રીઓ ભરેલી નાવ એલિફન્ટાની ગુફા તરફ જતી હતી.

નૌસેનાના જણાવ્યા મુજબ નૌસેના અને અન્ય જહાજોની મદદથી જીવતા રહેલા લોકોને આસપાસની જેટી પર પહોંચાડવામાં આવ્યા હતા. બાદમાં તેમને હોસ્પિટલે દાખલ કરાયા હતા. મૃતકોના નૌસેનાના ૩ અધિકારીનો પણ સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, આ દુર્ઘટના બુધવારે (૧૮મી ડિસેમ્બર) બપોરે ૪ વાગ્યાની આસપાસ બની હતી. આ અથડામણમાં નેવીની સ્પીડ બોટમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના પણ મૃત્યુ થયા હતા. બચાવ કામગીરી દરમિયાન નેવી અને સ્થાનિક ટીમોએ મળીને મુસાફરોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશના ગૌતમ ગુપ્તાએ આપવીતી જણાવતા કહ્યુ કે, પહું મારા પરિવાર સાથે એલિફન્ટાની મુલાકાત લેવા જઈ રહ્યો હતો. આ દરમિયાન અકસ્માત સર્જાયો હતો. જેમાં મારી કાકીનું મૃત્યુ થયું હતું. બોટમાં કોઈની પાસે લાઈફ જેકેટ નહોતું. અકસ્માત બાદ અમે ઘણાં લોકોને પાણીમાંથી બહાર કાઢીને બોટ તરફ ખેંચ્યા હતા. લગભગ ૨૦થી ૨૫ મિનિટ પછી નેવીએ અમને બચાવ્યા હતા. રાજસ્થાનના જાલોરના રહેવાસી



શ્રવણ કુમારે આ અકસ્માતનો વીડિયો બનાવ્યો છે. શ્રવણે જણાવ્યું હતું કે, પનેવીની સ્પીડ બોટ સ્ટંટ કરી રહી હતી. આ જોઈને અમને શંકા થઈ એટલે વીડિયો બનાવવાનું શરૂ કર્યું. થોડીવારમાં આ બોટ અમારી પેસેન્જર બોટ સાથે અથડાઈ હતી. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. પોલીસે આ મામલે નેવી સ્પીડ બોટ ડ્રાઈવર અને અન્ય જવાબદાર લોકો સામે કેસ નોંધ્યો છે અને ભારતીય ન્યાયની કલમ ૧૦૬(૧), ૧૨૫(ફ)(બ), ૨૮૨, ૩૨૪(૩)(૫) હેઠળ તપાસ શરૂ કરી છે.

## અમેરિકાએ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર પ્રતિબંધ લગાવ્યો

### અમેરિકાના પગલાથી પાકિસ્તાન ભડક્યું

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાએ બુધવારે પાકિસ્તાનને એક મોટો ઝટકો આપતાં તેના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમમાં યોગદાન આપતી ચાર સંસ્થાઓ પર અચાનક પ્રતિબંધ મૂકી દીધો. અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યૂ મિલરે કહ્યું કે અમેરિકા પાકિસ્તાનના કાર્યક્રમ પર સતત નજર રાખી રહ્યું હતું અને અમે આ મામલે પહેલા પણ ચિંતા વ્યક્ત કરી હતી.

પર એક પોસ્ટમાં મિલરે કહ્યું કે આજે અમેરિકા ચાર સંસ્થાઓના નામ જાહેર કરી રહ્યું છે જે પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમમાં ફાળો આપી રહી હતી. આ સંસ્થાઓ સામૂહિક વિનાશ કરે તેવા હથિયારો બનાવે છે. હવે પ્રતિબંધ હેઠળ આ સંસ્થાઓની કોઈપણ અમેરિકન સંપત્તિ ફ્રીઝ કરી દેવાશે અને અમેરિકન નાગરિકોને આ કંપનીઓ સાથે ડીલ કે વેપાર કરતાં અટકાવાશે.

આ મામલે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પણ જવાબ આપ્યો હતો કે અમેરિકાની આ કાર્યવાહી દુર્ભાગ્યપૂર્ણ અને પક્ષપાતી છે. તે પ્રાદેશિક સ્થિરતાને નુકસાન પહોંચાડશે.

વિદેશ મંત્રાલયની એક ફેક્ટ શીટ અનુસાર ઈસ્લામાબાદ સ્થિત નેશનલ ડેવલપમેન્ટ કોમ્પ્લેક્સ (એનડીસી)એ પાકિસ્તાનના લાંબા અંતરની બેલેસ્ટિક



મિસાઈલ કાર્યક્રમ અને મિસાઈલ પરીક્ષણ ઉપકરણ માટે સામાન મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં કહેવાયું હતું કે એનડીસી પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલના ડેવલપમેન્ટ માટે જવાબદાર છે જેમાં શાહીન પરિવારની મિસાઈલો પણ સામેલ છે.

## કોઈ કોલેટરલ ફી વગર રૂા. ૨૦ લાખ સુધીની હાઉસીંગ લોન યોજના લાવવા તૈયારી

### દેશમાં એફોર્ડેબલ હાઉસીંગ મારફત ગરીબ અને મધ્યમ વર્ગ માટે ઘરના ઘરનું સ્વપન પુરૂ થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં એક તરફ એફોર્ડટેબલ હાઉસીંગનું માર્કેટ સતત નીચું જઈ રહ્યું છે અને લકઝરી આવાસોનું વેંચાણ સતત વધી રહ્યું છે. તેના કારણે એક વિશાળ વર્ગ આવાસ ખરીદી શકે તેવી પરિસ્થિતિ રહી નથી. બાંધકામના ઉંચા ભાવ અને જમીનની કિંમત વધવાથી આવાસો મોંઘા બન્યા છે અને લોન પણ મોંઘી છે. તે સમયે હવે મોદી સરકાર એક મહત્વના નિર્ણયમાં નબળા અને મધ્યમ વર્ગ માટે રૂા.૨૦ લાખ સુધીની કોલેટરલ ફ્રી હાઉસીંગ લોન યોજના લાવી રહી છે અને તે પણ ઓછામાં ઓછા દસ્તાવેજી પ્રક્રિયા સાથે હશે.

ખુદ સરકાર તેમાં જામીન બનશે અને કોઈ ત્રીજા પાર્ટીની જામીનગીરીની પણ જરૂર રહેશે નહીં. આ યોજનાથી મધ્યમ વર્ગને ઘર ખરીદવામાં સૌથી મોટી રાહત થશે તેવા સંકેત છે. સરકાર આ માટે નબળા વર્ગની ક્રેડીટ રીસ્ક ગેરેંટી ફંડ સ્કીમ લાવી રહી છે અને તે હાલ અંતિમ તબકકામાં છે જેમાં નબળા વર્ગને રૂા. ૨૦ લાખ સુધીની લોન ૩૦ વર્ષના હપ્તેથી મળશે.

હાલની જોગવાઈ મુજબ રૂા. ૮ લાખથી વધુની લોનમાં ગેરેંટી કવર જરૂરી છે અને સરકાર તેમાં સુધારો કરી રહી છે. ખાસ કરીને નાના વર્ગને ઘર ખરીદવામાં સહાયતા મળે તે માટે ઓછામાં ઓછી દસ્તાવેજી પ્રક્રિયા પણ અપનાવાશે. આ અંગે નાણામંત્રાલય અને શહેરી વિકાસ તેમજ ગૃહનિર્માણ મંત્રાલય વચ્ચે વાતચીત ચાલુ છે.





નેશનલ હાઉસીંગ બેંક અને અન્ય વ્યાપારી બેંકો આ યોજના હેઠળ લોન આપશે અને આવકના આધારે હપ્તો નકકી થશે જેના કારણે જે તે વર્ગ માટે કોઈ મોટી માસિક હપ્તાની ચિંતા રહેશે નહી અને લોનની ૭૦ ટકા રકમની ગેરેંટી સરકાર આપશે. કોઈ ઉંચા ચાર્જીસ લેવામાં આવશે નહીં. લોનની પ્રક્રિયા સરળ બનાવશે.

આ હાઉસીંગ યોજના માટે સરકારી જમીનનો ફાળવણીનો પણ ઉપયોગ કરાશે. સરકાર હવે પોતાની એક લેન્ડ બેંક બનાવી રહી છે. જેમાં સરકારની તમામ ફાજલ જમીનોને આવરી લેવાશે. આ ઉપરાંત જાહેર સાહસોની જે વધારાની જમીન હશે તેને પણ અલગથી એક લેન્ડ બેંકમાં મૂકાશે. સૈન્ય અને રેલ્વે પાસે સૌથી વધુ જમીન છે. તેનો પણ ઉપયોગ કરાશે.

# વિકસતી જાતિ નાયબ નિયામક અને સમાજ સુરક્ષા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા રજુઆત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર યુવા દલિત સમાજ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રી ને પત્ર લખીને રજુઆત.સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની તમામ મહત્વની રાજ્ય સરકાર ની કચેરીઓમાં જગ્યાઓ ખાલી હાલતમાં છે તે બાબતે યુવા દલિત સમાજ જામનગર પ્રમુખ ચેતન વી. ભાંભી દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરતા પત્ર મોકલવામાં આવ્યું છે. આ પત્રમાં જણાવ્યું છે કે જામનગર જિલ્લા ખાતે વિકસતી જાતિ નાયબ નિયામક અને સમાજ સુરક્ષા અધિકારી બંને કચેરીઓમાં વિકસીત જાતિ નાયાબ નિયામક અને સામાજ સુરક્ષા અધિકારી કલાસ ૧ ની જગ્યાઓ ઘણાં વર્ષોથી ખાલી છે જેના લીધે લોકોને ખુબજ મુશ્કેલી હાલાકી ભોગવવી પડે છે ખાલી જગ્યાઓ વિકસતી જાતિ નાયબ નિયામક અને સમાજ સુરક્ષા અધિકારી કલાસ ૧ બંને જગ્યા ભરવા આવે તે ખુબજ જરૂરી છે.છેલ્લા ઘણાં સમયથી વિકસતી જાતિ નાયબ નિયામક અને સમાજ સુરક્ષા અધિકારી લાંબા સમયથી સુધી આ જગ્યાઓ ખાલી હાલતમાં છે હાલ આ કચેરીઓ નું કામકાજ અને વહીવટી ઈન્ચાર્જ થી કરવામાં આવતું હોવાથી જામનગર જિલ્લાના અરજદારો કામો સમયસર થતાં ન હોઈ લોકો નીરાશ થઈ રહીયા છે. જામનગર શહેર યુવા દલિત સમાજ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રી ને પત્ર લખીને જણાવ્યું છે કે છેલ્લા ઘણા સમયથી વિકસતી જાતિ નાયબ નિયામક અને સમાજ સુરક્ષા અધિકારી (ક્લાસ. ૧) જગ્યાઓ ભરવા આવેલ નથી, ખાસ કરીને જામનગર શહેરના લોકોને સરકાર ની વિવિધ યોજનાઓ લાભો મળતા નથી અરજદારો ને ધરમે ના ધક્કાઓ થઈ રહ્યા છે કચેરીઓમાં હાલના બંને અધિકારીઓ પાસે (ઈ.ચા.) ચાર્જથી કામકાજ અને વહીવટી ચલાવવામાં આવે છે.જામનગર જિલ્લાના લોકોના કામો ટલ્લે ચડે છે જેથી કરી રાજ્ય સરકાર દ્વારા મારી ખાસ વિનંતી છે કે આ બંને કચેરીઓની અંદર જવાબદારી અધિકારીઓની જગ્યાઓ ઉપર તાત્કાલિક ધોરણે અને કાયમી ધોરણે બંને અધિકારીઓની નિમણૂક કરવામાં આવે, જેથી કરીને લોકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે અને અરજદારો ધર્મના ધક્કા ન થાય તેવી લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

# ડુંગળીની મબલખ આવક, તળિયે ગયેલા ભાવે ખેડૂતોને રડાવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના સબ યાર્ડમાં સૂકી ડુંગળીની મબલખ આવક થઇ છે. ૬૦૦ થી વધારે વાહનોમાં ૮૦,૦૦૦ કટ્ટા યાર્ડમાં ઠલવાયા હતા. ડુંગળીની આવક વધી છે. પરંતુ લેવાલી ઓછી થતા ભાવ પર તેની અસર પડી છે. હાલ યાર્ડમાં સારી ગુણવતાની ડુંગળીનો ભાવ કિલોએ રૂ. ૩૦ અને ઓછી ગુણવતાવાળી ડુંગળીનો કિલોએ રૂ. ૭ બોલાઇ રહયો છે.

રાજકોટ યાર્ડમાં ડુંગળીની દૈનિક આવક ૨૬ લાખ કિલોએ પહોંચી છે. જે અત્યાર સુધીની રેકોર્ડબ્રેક આવક કહી શકાય. આવક વધારે છે, સામે લોકલ ડિમાન્ડ પણ નથી અને એક્સપોર્ટનું ચિત્ર પણ બદલાયું છે. ત્યાંની ડિમાન્ડ પણ ઘટી છે. જેને કારણે સ્થાનિક માર્કેટમાં ભાવમાં ઘટાડો આવ્યો છે.જે ડુંગળીનો ભાવ બે મહિના પહેલાં રૂ.૨૦થી ૩૦ સુધી બોલાતો હતો તેનો ભાવ અત્યારે રૂ.૭થી ૩૦ સુધી બોલાઇ રહ્યા છે.

રેકોર્ડબ્રેક આવક થવાને કારણે યાર્ડમાં ડુંગળી સમાવવી એ પણ એક પ્રશ્ન થયો છે.આથી યાર્ડમાં પડતર માલનો નિકાલ થયા બાદ નવી આવક બંધ રાખવામાં આવી રહી છે. તેમ યાર્ડના ઈન્સ્પેક્ટર કનુભાઈ ચાવડા જણાવી રહ્યા છે.યાર્ડમાં ડુંગળીની આવક વધારે હોવાને કારણે સોમવારે રાત્રે પણ વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવો પડ્યો હતો.



સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો યાર્ડમાં ડુંગળી વેચવા માટે આવ્યા હોવાને કારણે હાઈવે પર વાહનોના થપ્પા જોવા મળ્યા હતા. બીજા રાજ્યોમાંથી પણ ડુંગળીની આવક થઈ રહી છે. નવેમ્બર મહિના સુધી રાજકોટ યાર્ડમાં ડુંગળીની આવક ૧૨ લાખ કિલો હતી અને તેનો ભાવ પ્રતિ કિલો રૂ.૩૦ સુધી વસૂલાતો હતો. હજુ ૧૫ દિવસ સુધી આ આવક યથાવત રહે તેવી સંભાવના વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજકોટ ઉપરાંત ગોંડલ, જામનગર, ખંભાળિયા, ધ્રોલ સહિત સૌરાષ્ટ્રભરના યાર્ડમાં ડુંગળીની આવક વધી રહી છે.

સૌરાષ્ટ્રની ડુંગળીની માંગ અન્ય રાજ્યમાં સૌથી વધારે છે પણ હાલ અન્ય રાજ્યમાંથી પછી ખરીદી કરવા વેપારીઓ ઉદાસીન હોય યાર્ડમાં ડુંગળીનો સતત ભરાયો થયો હતો. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં જુલાઈ માસમાં ડુંગળીનું પાછોતરું વાવેતર થયું હતું. આ સમયે ડુંગળીને અનુકૂળ વાતાવરણ હોવાને કારણે ઉત્પાદન વધારે આવ્યું હતું. ઉત્પાદન એકીસાથે આવતા હાલ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના યાર્ડમાં ડુંગળીની આવકમાં વધારો થયો છે. હાલ ડુંગળીની સિઝન ચાલી રહી છે અને આગામી દિવસોમાં લગ્નની સિઝન શરૂ થશે ત્યારે ફરી ડુંગળીની લેવાલી નીકળશે ત્યારે ભાવમાં પણ સુધારો થવાની આશા વેપારીઓએ વ્યકત કરી છે.

# જામનગર જીલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા પ્રાથમિક શાળાના આચાર્ય માટે તાલીમ કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ જામનગરના પ્રાર્થના હોલમાં જામનગર તાલુકાની પ્રાથમિક શાળાના આચાર્યઓનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ બાદ ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ રાજકોટના એ.પી.પી આર.એસ.સિંધી દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ,જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. તેમજ દ્વારકા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી પી.એમ ખેરાળા દ્વારા પોક્સો એક્ટ ૨૦૧૨ની સમજણ આપવામાં આવી હતી. અને જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના ટોબેકો સાઈકોલોજીસ્ટ નજમાબેન હાલા દ્વારા ટોબેકો નિયંત્રણ વિષે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા બાળ સુરક્ષા એકમ જામનગરના લીગલ કમ પ્રોબેશન ઓફિસર જ્યોત્સ્નાબેન હરણ દ્વારા બાળ લગ્ન વિષે.માહિતી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી જામનગર રણછોડભાઈ જે. શિયાર દ્વારા સમાજ સુરક્ષા તેમજ બાળ સુરક્ષા એકમમાં ચાલતી વિવિધ યોજનાઓ તેમજ દતક વિધાન વિષે સમજ આપવામાં આવી હતી. તમામ તાલીમાર્થીઓને નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ તેમજ નશો નહિ કરવા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળના સેક્રેટરી જે.પી.પરમાર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડો.પ્રાર્થનાબેન વી.શેરશીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી રણછોડભાઈ જે. શિયાર, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વજુભાઈ અજુડિયા, કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહના પ્રમુખ કરશનભાઈ ડાંગર વગેરે ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમના કર્મચારીઓએ ભાગ લીધો હતો. તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી પોલીસે રીક્ષા ચાલકો વિરૂધ્ધ સરપ્રાઈઝ ચેકિંગ ડ્રાઈવ યોજી, ટ્રાફિક નિયમો ભંગ કરતી ૭૫ રીક્ષાઓ કબ્જે કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

પોલીસ મહાનિરીક્ષક અશોકકુમારની સુચના મુજબ ટ્રાફિક નિયમોની અમલવારી કરવા જણાવેલ હોય જેથી પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીની સુચના અને માર્ગદર્શન હેઠળ વાહન અકસ્માતમાં ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા માટે ગઈકાલ તા. ૧૮/૧૨ ના રોજ નસ્ત્રસરપ્રાઇઝ વાહન ચેકિંગ ડ્રાઇવ રાખવામાં આવી હતી.

મોરબી જીલ્લામાં તા.૧૮/૧૨ ના રોજ બપોરના ૪ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી એમ ત્રણ કલાક સુધી નસ્ત્રરીક્ષા ચાલકો વિરૂધ્ધ સરપ્રાઇઝ ચેકિંગ ડ્રાઇવસ્ત્રસ્ત્ર રાખેલ અને આ ડ્રાઇવ દરમ્યાન મોરબી જીલ્લાના ટાઉન વિસ્તારોના અગત્યના પોઇન્ટ ઉપર સરપ્રાઇઝ વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. જેમાં રીક્ષામાં વધુ પેસેન્જર બેસાડેલ, ડ્રાઇવરની શીટ પાસે પેસેન્જર બેસાડવા, ડ્રાઇવર પાસે ડ્રાઈવીંગ લાઇસન્સ તથા કાગળો સાથે ન હોય તેવા રીક્ષા ચાલકો સામે કડક કાર્યવાહી કરવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ અને આ ડ્રાઇવ દરમ્યાન સઘન રીક્ષા ચેકિંગ કરી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા રીક્ષા ચાલકો વિરૂધ્ધ મોરબી જીલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સતત ત્રણ કલાક સુધી ચાલેલ આ સરપ્રાઇઝ રીક્ષા ચેકિંગ ડ્રાઇવમાં કુલ-૬૪૩ રીક્ષા ચેક કરવામાં આવી હતી. રીક્ષા ચેકિંગ ડ્રાઇવ દરમ્યાન માલીકીના આધાર પુરાવા વગરની કુલ-૪૪ રીક્ષાઓ તથા વધુ પેસેન્જર બેસાડેલ રીક્ષા કુલ-૩૧ એમ કુલ મળી કુલ ૭૫ રીક્ષાઓ એમ.વી.એકટ ૨૦૭ તથા એમ.વી.એક્ટ મુજબ કાર્યવાહી કરી કબ્જે કરવામાં આવી હતી. આ સિવાય રીક્ષામાં ડ્રાઇવર પાસે પેસેન્જર બેસાડનાર કુલ ૩૯ ચાલકોને સમાધાન શુલ્ક પાવતીઓ આપવામાં આવી હતી. રીક્ષામાં ડ્રાઈવીંગ





લાઈસન્સ તથા કાગળો/પરમીટ સાથે નહીં હોય તેવા કુલ ૭૫ ચાલકોને સમાધાન શુલ્ક પાવતીઓ આપવામાં આવી હતી. આ ડ્રાઇવ દરમિયાન ટ્રાફિક નિયમોનુ ભંગ કરતા રીક્ષા ચાલકો પાસે કુલ રૂ.૬૭,૦૦૦/- માંડવાળા દંડ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત રીક્ષા ચાલકો વધુ ઝડપે ચલાવતા હોય તેવા કુલ ૮ રીક્ષા ચાલકો વિરૂધ્ધ ઈગજ-૨૮૧ મુજબ રજીસ્ટર કરવામાં આવેલ તેમજ અડચણરૂપ પાર્ક કરેલ કુલ ૧૦ રીક્ષા ચાલકો વિરૂધ્ધ ઈગજ-૨૮૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સાથે મોરબી પોલીસે પ્રજાજોગ સંદેશ આપ્યો છે કે આગામી સમયમાં પણ ઉપરોકત ટ્રાફિક નિયમોનોનુ પાલન કરાવવા માટે, મોરબી જીલ્લાના લોકોની સલામતી અને જીલ્લામાં શાંતીનો માહોલ જળવાઈ રહે, ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા, શહેરમાં વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા, સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનું લોકો પાલન કરે તેની અપીલ કરવામાં આવેલ છે.

# દુષ્કર્મ કેસમાં જીત પાબારીના આગોતરા જામીન હાઈકોર્ટે કર્યા મંજૂર

## ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળા વિરુદ્ધ પૂર્વ મંગેતરે બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હોવાના આક્ષેપો કરતા માલવિયાનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના કાલાવડ રોડ વિસ્તારમાં નુતનગર પાસે રહેતા અને ક્રિકેટર જીત રસીકભાઈ પાબારીના નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસની હકિકત મુજબ, વર્ષર ૦૧૪ ની સાલમાં હાલના ભોગ બનનાર અને આરોપી જીત બન્ને ટયુશન કલાસમાં જતા હોય જેથી આરોપી ધ્વારા ફેસબુક માં ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલતા બન્ને ફ્રેન્ડ બનેલ હતાં. ત્યારબાદ બન્ને પુખ્તવય ની ઉમરના થતા ભોગ બનનાર ને લગ્ન અંગેની વાતચીત કરતા આરોપીએ ભોગ બનનાર ના માતા-પિતા ને મળીને વાત-ચીત કરતા બન્ને પરિવાર મળેલ અને ગોળ ધાણાની વિધી કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨માં એક હોટલમાં બંનેની સગાઈ રાખવામાં આવી હોય ત્યારે આરોપીએ બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધલો જે બાદ કોઈ વાર ફરિયાદીના ઘરે તો કોઈ વાર ભોગ બનનારના ઘરે શરીર સબંધ બાંધ્યો તેવા આક્ષેપો સાથે માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે દુષ્કર્મનો કેસ નોંધ્યો હતો. ધરપકડથી બચવા આરોપી જીત પાબારીએ પોતાના વકીલ મારફતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી દાખલ કરી હતી જે અદાલતે ફગાવી દેતા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

આ અરજી ચાલવા પર આવતા આરોપીના વકીલ દ્વારા રજુ કરવામાં આવેલા સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા તેમજ કરેલી ધારદાર દલીલોને ધ્યાને રાખીને હાઈકોર્ટના ન્યાયાધીશએ આરોપી જીત પાબારીની અરજી શરતોને આધીન અરજી મંજૂર કરી હતી. આ કામમાં આરોપી વતી હાઈકોર્ટમાં એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. કુંડલીયા, શિવરાજસિહ જાડેજા, તેમજ લીગલ આસિસ્ટન્ટ તરીકે જયદિપ ડી. ગઢીયા રોકાયેલ હતા.

# મોરબીમાં ડો. હસ્તીબેન મહેતાના ૧૫૩મા એક દિવસીય કેમ્પનું આયોજન

## નર્મદાબેન રાવલના સ્મરણમાં રાષ્ટ્રીય પ્રાથમિક શાળામાં આરોગ્ય કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના દરબારગઢ વિસ્તારમાં આવેલ ૭૫ વર્ષ જૂની રાષ્ટ્રીય પ્રાથમિક શાળામાં સ્વ. પૂજ્ય ફૈબા નર્મદાબેન રાવલના સ્મરણમાં ડો. હસ્તીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ એક દિવસીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દાંત અને આંખના નિદાન સાથે બાળકોને દવાઓ આપવામાં આવી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




ગઈકાલ તા.૧૮/૧૨ના રોજ મોરબીની રાષ્ટ્રીય પ્રાથમિક શાળામાં આરોગ્ય જાગૃતિ માટે ડો. હસ્તીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ ૧૫૩મા એક દિવસીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ સ્વ. પૂજ્ય ફૈબા નર્મદાબેન વી. રાવલના સ્વર્ગારોહણના પ્રસંગે તેમની ભત્રીજીઓ સ્વ. મનીષા, શ્રીમતી દર્શન, કુ. કૌશિકા અને તોશા રાવલ દ્વારા યોજાયો હતો. કેમ્પમાં ડો. સુરેશભાઈ કાલરીયાએ બાળકોની આંખોની તપાસ કરી, ચશ્માના નંબર ચેક કરી આપ્યા અને જરૂરી સારવાર માટે માર્ગદર્શન આપ્યું હતું. સાથે ડો. પ્રતિક સોલંકી, જે દાંતના નિષ્ણાત છે, તેમણે પણ શાળાના બાળકોના દાંતની તપાસ કરી પોતે જે શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલ તે શાળામાં સેવા આપી ગૌરવનો અનુભવ કર્યો હતો.આ કેમ્પ શાળાના આચાર્ય અને શિક્ષક મંડળના કાર્યસહકારથી સફળ થયો હતો. આચાર્યા ચંદ્રલેખા મેહતા અને શિક્ષક મંડળીમાંથી ચંદ્રિકાબેન દેસાઈ, ગીતાબેન મિસ્ત્રી અને રંજનબેન ગોસ્વામીએ ખાસ જહેમત ઉઠાવી હતી. કેમ્પના સહાયક રશ્મિન દેસાઈ અને દર્શનાબેન ત્રિવેદી દ્વારા સેવા સહયોગ આપવામાં આવ્યો હતો.

# ટ્રેકટર ચોરીને અંજામ આપનાર ૨ સામે ગેંગ કેસ



જામનગર ગ્રામ્ય પંથકમાં જુદા જુદા સ્થળો પરથી ૧૪ ટ્રેકટર તથા ટ્રોલીની ચોરીમાં સડોવાયેલા મનાતા બે શખસો સામે સ્થાનિક ગુના શોધક શાખાએ ગેંગ કેસ નોંધ્યો છે.પોલીસે તેઓ પાસથી જુદા જુદા વાહનની નવ ચાવીઓ ઉપરાંત બે છરી પણ કબજે કરી હતી.મળતી વિગત અનુસાર જામનગર સ્થાનિક ગુના શોધક શાખાની ટુકડીએ બાતમીના આધારે લાલપુર રોડ પર ચેલા ગામના પાટીયા પાસેથી જુદા જુદા સ્થળો પરથી ટ્રેકટર-ટ્રોલીની ચોરીમાં સંડોવાયેલા અરશી પુંજાભાઈ કંડોરીયા અને ઘેલુભા નારૂભા જેઠવાને દબોચી લીધા હતા. જેઓ ગ્રામ્ય પંથકમાં જુદા જુદા સ્થળો પરથી ટ્રેકટર-ટ્રોલીઓ ચોરી પ્રકરણમાં સંડોવાયેલા હોવાનુ ખુલ્યુ હતુ. એલસીબીએ ઉકત શખસો ચોરી કરવાની પેરવીમાં હોવાની બાતમી પરથી અટક કરી હતી. જે બંને સામે એલસીબીએ ગેંગ કેસ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે તેના કબજામાંથી જુદા જુદા વાહનની નવ ચાવીઓ અને બે છરી કબજે કરી છે.

# જામનગરમાં વાહન શોરૂમમાં તસ્કર ત્રાટક્યા, રૂા. ૨.૩૭ લાખની ચોરી

શહેરની ભાગોળે રણજીત સાગર રોડ પર અવધ ઓટો મોબાઇલ્સ( હોન્ડા શો રૂમ)માં મોડી રાત્રે પ્રવેશીને કોઇ તસ્કર બેલડી અંદર શો રૂમ કાઉન્ટર અને વર્ક શોપના કાઉન્ટરમાંથી મળી રૂા. ૨.૩૭ લાખની રોકડ રકમ ચોરી કરી લઇ ગયાનો બનાવ બહાર આવ્યો છે.ચોરીના આ બનાવની જાણ થતા પોલીસ કાફલો દોડી ગયો હતો.પોલીસે સીસીટીવી ફટેજની મદદ મેળવીને તસ્કર બેલડીને સકંજામાં લેવા કવાયત હાથ ધરી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગતે અનુસાર શહેરની ભાગોળે રણજીતસાગર રોડ પર આવેલા અવધ ઓટો મોબાઇલ્સ (હોન્ડા શો રૂમ)માં ગત તા. ૧૪ના રાત્રે લગભગ પોણા ત્રણ વાગ્યાના સુમારે કોઇ અજાણ્યા બે શખસો ધુસ્યા હતા.શો રૂમ અંદર પ્રવેશેલા ઉપરોકત બંને શખસો કાઉન્ટરમાંથી રૂા. ૨,૧૮,૩૦૦ની રોકડ ઉપરાંત વર્ક શોપના કાઉન્ટરમાંથી પણ રૂા. ૧૯,૧૪૦ જેટલી રોકડ રકમ ચોરી કરી લઇ ગયાનો બનાવ બહાર આવ્યો છે.ચોરીના આ બનાવની સવારે જાણ થતા તુરંત જ પોલીસને વાકેફ કરાઇ હતી જેના પગલે સીટી એ પોલીસ કાફલો ઘટનાસ્થળ પર દોડી ગયો હતો. આ બનાવ મામલે દિપકભાઇ અનિલભાઇ લખીચરની ફરીયાદ પરથી સીટી એ પોલીસે બે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે.પોલીસે સીસીટીવી ફટેજની પણ મદદ મેળવી તસ્કર બેલડીને સકંજામાં લેવા જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ચૌરીના આ બનાવે ભારે ચકચાર જગાવી છે.અત્રે ઉલ્લેખનીય છેકે, છેલ્લા કેટલાક દિવસોથી તિવ્ર ઠંડીના પગરવ સાથે જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં તસ્કર પણ સક્રિયા બન્યા હોવાના બનાવો સામે આવ્યા છે.મેઘપરની ગુજરી બજારમાંથી તસ્કર ૨ મોબાઇલ સેરવી ગયા લાલપુર તાલુકાના મેઘપર ગામની સામે ભરાતી ગુજરી બજારમાં ગત રવિવારે શાકભાજીની ખરીદી અર્થે ગયેલા અરશીભાઇ નારણભાઇ કરંગીયા (રે. રાસંગપર) નામના વૃધ્ધનો રૂા. ૧૦ હજારની કિ્ંમતનો મોબાઇલ ફોન કોઇ તસ્કર ચોરી કરી લઇ ગયાની ફરીયાદ નોંધાઇ છે. મોટી ખાવડી પાસે રિલાયન્સ ગ્રીન ટાઉનશીપમાં રહેતા મુળ યુપીના અભિષેક રમાકાંત બાજપાયી નામના આસામી પણ ગત રવિવારે મેઘપર પાસે ગુજરી બજારમાં આવ્યા હતા ત્યારે તેનો પણ ૧૦ હજારની કિંમતનો મોબાઇલ ફોન કોઇ અજાણ્યા શખસો ચોરી કરી ગયાની ફરીયાદ થઇ છે.

# મોરબીમાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો, વધુ બે ડીગ્રી વગરના ડોક્ટરોની ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં તબીબી ડિગ્રી વિના ગેરકાયદેસર રીતે દવાખાનાઓ ચલાવતા તબીબો સામે મોરબી પોલીસ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરાયું છે. પોલીસ દ્વારા તાજેતરમાં ત્રણ બોગસ તબીબને ઝડપી લઈ, માનવ આરોગ્ય સાથે ચેડાં કરવાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ બદલ ધરપકડ કરવામાં આવી છે, જેમના ક્લિનિક્માંથી મોટી માત્રામાં એલોપથી દવાઓ અને ઈન્જેક્શનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



મોરબી જીલ્લામાં તબીબી વ્યવસ્થાનો દુરુપયોગ કરતા બોગસ તબીબો સામે પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ગત ૧૭ ડિસેમ્બરના રોજ મોરબીના લક્ષ્મીનગર ગામે શ્રીરામ ક્લિનિક ચલાવતા હિતેશ કારાવાડિયા નામના બોગસ તબીબને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેમાં આરોપી કોઈપણ તબીબી ડિગ્રી વિના એલોપથી દવાઓથી દર્દીઓની સારવાર કરી રહ્યો હતો. આ ઘટના પછી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિત્યાનંદ સોસાયટી નજીક શ્રીજી ક્લિનિક ચલાવતા પ્રણવ અશોકભાઈ ફળદુ નામના બોગસ તબીબની બી ડીવિઝન પોલીસ ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તેના ક્લિનિક્માંથી પોલીસે ૮,૯૪૧/- રૂપિયાની એલોપથી દવાઓ કબ્જે કરી આવી હતી. જ્યારે સીટી એ ડિવિઝન પોલીસે ત્રીજો બોગસ તબીબ અશ્વિન વેલજીભાઈ નકુમને પંચાસર રોડ પરથી પકડવામાં આવ્યો હતો, તે તેના પંચાસર રોડ સ્થિત ઘરના ફળિયામાં દવાખાનું ચલાવી રહ્યો હતો. તેની પાસેથી પોલીસે રૂ.૧૮,૭૬૨/- એલોપથી દવાઓ, બોટલો, ઈન્જેકશન જેવા તબીબી સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસે ત્રણેય બોગસ તબીબો સામે ગુજરાત મેડિકલ પ્રેક્ટીસનરી એક્ટ હેઠળ ગુના નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ટંકારાના લજાઈ ગામે ડોકટર સાથે ઝઘડો કરતા શખ્સનો વૃદ્ધ સહિત ત્રણ ઉપર હુમલો

**મુખ્ય સમાચાર,ટંકારા**

ટંકારા તાલુકાના લજાઈ ગામે દવાખાનું ધરાવતા ડોકટર સાથે ઝઘડો કરી રહેલા શખ્સને સમજાવવા જતા વૃદ્ધ સહિત ત્રણ વ્યક્તિ ઉપર હુમલો કરી આ ઝનૂની શખ્સે પાવડાના હાથા વડે માર મારી ડોક્ટરની ગાડીમાં તોડફોડ કરી તમામને જાનથી મારી નાખવા ધમકી આપતા બનાવ અંગે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.


બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ટંકારા તાલુકાના લજાઈ ગામે દવાખાનું ધરાવતા પ્રફુલભાઈ કાનજીભાઈ પરમાર ગઈકાલે દવાખાને બેઠા હતા ત્યારે દવાખાના નજીક રહેતા ફરિયાદી અમૃતભાઈ વાલજીભાઈ કોટડીયા ઉ.૬૩ નામના વૃદ્ધ પણ ડોકટર સાથે બેઠા હતા ત્યારે આરોપી નરેશ જયંતીભાઈ કોટડીયા અચાનક દવાખાનામાં ઘસી આવ્યો હતો અને ડોક્ટરને કહ્યું હતું કે, તું કેમ મોરબીમાં મારી પાછળ આંટાફેરા કરતો હતો. જેથી ફરિયાદી અમૃતભાઈએ આરોપીને ડોકટર સાથે માનથી વાત કરવાનું કહેતા ઉશ્કેરાઈ ગયેલા નરેશે અમૃતભાઈ ઉપર હુમલો કરી બાદમાં ઘેરથી પાવડાનો હાથો લઈ હુમલો કર્યો હતો.

બીજી તરફ અમૃતભાઈને છોડાવવા માટે પુત્ર જયદીપ અને ભત્રીજો જીતેન્દ્ર વચ્ચે પડતા બન્નેને પાવડાના હાથા મારી ડોક્ટરની ગાડીના કાચ તોડી નાખી તમામને જાનથી મારી નાખવા ધમકી આપતા બનાવ અંગે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી નરેશ જયંતિ કોટડીયા વિરુદ્ધ ગુંન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

વધુમાં પોલીસે લક્ષ્મીનગર ગામે અક્ષર પ્લાઝામાં શ્રી રામ કિલનીક શરૂ કરનાર આરોપી હિતેશભાઈ કાનજીભાઈ કારાવડીયા વિરુદ્ધ મેડીકલ પ્રેકટીશનર એકટ ૩૦, ૩૩ મુજબ ગુન્હો નોંધી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર બીમાર દર્દીઓની એલોપેથી દવાથી સારવાર કરતા તથા માણસોના આરોગ્ય સાથે ચેડા કરતા પકડી પાડી એલોપેથીક દવાનો કુલ રૂ.૮૧૩૯નો મુદામાલ કબ્જે કરી આરોગ્ય અધિકારીની હાજરીમાં કાનૂની કાર્યવાહી કરતા મોરબી જિલ્લામાં અન્ય સ્થળોએ દર્દીઓ સાથે ચેડાં કરતા કહેવાતા ઝોલાછાપ ડોક્ટરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# હોટલ બુકીંગના નામે યાત્રાળુઓ સાથે છેતરપિંડી આચરનાર બે શખ્સ ઝડપાયા

દ્વારકામાં આવતા યાત્રાળુઓ પાસેથી હોટલ બુકીંગના નામે છેતરપિંડી કરી લેતાં ઉત્તરપ્રદેશ ની કુખ્યાત મેવાત ગેંગના બે શખ્સને દેવભૂમિ સાયબર ક્રાઈમ ટીમે દબોચી લીધા છે.યાત્રાધામ દ્વારકામાં હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા મુકેશ ઘઘડા નામના આસામીએ પોતાની શ્રી દર્શન નામની હોટલ માં ઓનલાઈન બુકીંગના નામે કેટલાક શખ્સોએ છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ શખ્સો હોટલના નામ જેવી જ ફેક સાઈટ ઈન્ટરનેટ પર વાયરલ કરી દૂરથી આવતા યાત્રીકો પાસેથી રૂમ બુકીંગના નામે મોટી રકમ મેળવી લઈ છેતરપિંડી આચરતા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.આ બાબતની તપાસ દેવભૂમિ દ્વારકા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા શરૂ કરવામાં આવ્યા પછી ટેકનિકલ વિગતો અને એનાલિસિસ કરાતા ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં આવેલા દોલતપુરમાં રહેતા બે શખ્સના સગડ મળવા પામ્યા હતા. ત્યાં ધસી ગયેલી સાયબર ક્રાઈમ ટીમે અઝરૂદ્દીન ફોજદાર મેવ અને નસીમ વસરૂદ્દીન મેવ ઉર્ફે મગર નામના બે શખ્સની અટકાયત કરી છે. આ શખ્સોએ દ્વારકામાં આવેલી હોટલના નામે ફેક બુકીંગ કરી યાત્રાળુઓ પાસેથી છેતરપિંડી આચર્યાની કબૂલાત કરી છે.



# હાસ્ય કલાકાર જામનગરના વતની વસંત પરેશ બંધુ નું નિધન

ખ્યાતનામ હાસ્ય કલાકાર જામનગરના વતની વસંત પરેશ બંધુ નું નિધન જામનગરના જાણીતા હાસ્ય કલાકાર વસંત પરેશ બંધુની ચીરવિદાય , હાસ્ય જગતમાં ઘેરા શોકની લાગણી

# આજીડેમ ચોકડીએ ડમ્પરે બાઈકને ઉલાળતા વૃદ્ધનું ઘટના સ્થળે જ મોત

## ડમ્પર મુકી ચાલક ભાગી ગયોઃ મોટર સાઈકલની પાછળ પંખામાં માંધાતા લખ્યું હોઈ તેના આધારે તપાસ કરતાં મૃતકની ઓળખ મળીઃ પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર આજીડેમ ચોકડી નજીક સવારના પ્હોરમાં જીવલેણ અકસ્માત સર્જાયો છે. માંડા ડુંગર નજીક રહેતાં વૃધ્ધ મોટરસાઈક્લ હંકારી કારખાને કામ કરવા જઈ રહ્યા હતાં ત્યારે ડમ્પરના ચાલકે બાઈક સહિત ઉલાળી દેતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. ડમ્પર મુકીને ચાલક ભાગી ગયો હતો. જાણવા મળ્યા મુજબ આજીડેમ ચોકડી નજીક રવિવારી બજાર ભરાય છે ત્યાં એચપીના પંપ નજીક સવારે ડમ્પર નં. જીજે૧૧યુ-૮૮૫૩ના ચાલકે મોટરસાઈકલ નં. જીજે૦૩એચસી-૩૪૧૯ને ઠોકરે ચડાવતાં બાઈક ફંગોળાઈ ગયું હતું અને તેના વૃધ્ધ ચાલક પણ રોડ પર પટકાતાં ગંભીર ઈજાઓ થતાં મોત થયું હતું. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતાં. ડમ્પર મુકીને ચાલક ભાગી ગયો હતો. બનાવ સ્થળે માંધાતા કોળી સમાજના પ્રમુખ મહેશભાઈ રાજપરા પણ પહોંચ્યા હતાં. તેમણે મૃતકની ઓળખ મેળવવા બાઈકની નંબર પ્લેટને આધારે તપાસ કરી હતી જેના કારણે મૃતકની ઓળખ થઈ હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. હરસુરભાઈ, પ્રતાપભાઈ સહિતનો સ્ટાફ પણ પહોંચ્યો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધ ભાઈલાલભાઈ પોપટભાઈ પરમાર (ઉ.વ.૬૫-રહે. માંડા ડુંગર પાસે રિધ્ધી સિધ્ધી, શિવ પાર્ક) હોવાનું ખુલ્યું હતું. તેઓ ચાર ભાઈ અને ચાર બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)


સવારે ટિફીન લઈને કારખાને કામે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં કાળ ભેટી ગયો હતો. આ બનાવથી પરમાર પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા ડમ્પર ચાલકની શોધખોળ હાથ ધરી છે. તસ્વીરમાં ઘટના સ્થળે ડમ્પર, મોટર સાઈકલ, લોકોનું ટોળુ અને મૃતદેહ જોઈ શકાય છે.

# ધો.૧૧માં ઓછા માર્કસ આવ્યાની ચિંતામાં વિદ્યાર્થીનીએ કરી આત્મહત્યા

## એક વર્ષ પૂર્વે નવલનગરની તરૂણીએ અમીન માર્ગ પર શાળાના પાર્કિંગ પાસે એસિડ પી લીધું'તુંઃ સારવારમાં દમ તોડ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના નવલનગરમાં રહેતી વિદ્યાર્થીનીએ એક વર્ષ પૂર્વે અમીન માર્ગ પર આવેલી શાળાના પાર્કિંગ પાસે એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેણીને અમદાવાદ, રાજકોટ સારવારમાં ખસેડવામાં આવી હતી. બાદમાં ઘરે લઈ જવાઈ હતી ગઈકાલે તેણીએ સારવારમાં તેનું મોત નીપજ્યું હતું. વિગત મુજબ નવલનગર-૯માં રહેતી જાહલબેન વિપુલભાઈ ચાવડા (ઉં.વ.૧૭) નામની છાત્રાએ એક વર્ષ પહેલા અમિન માર્ગ પર આવેલી બારદાનાવાલા સ્કૂલ પાસે પાર્કિંગમાં એસિડ પી લેતા રાજકોટ



હોસ્પિટલમાં અને બાદમાં અમદાવાદ ખાતે સારવાર માટે ખસેડાઈ હતી.

લાંબી સારવાર બાદ હાલ ઘરે હતી દરમિયાન સવારે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરી હતી.આપઘાત કરનાર જાહલબેન એક ભાઈથી મોટી હતી તેના પિતા નોકરી કરે છે. પરિવારજનોએ જણાવ્યું હતું કે જાહલબેન બારદાનવાલામાં ધોરણ- ૧૧માં ભણતી હતી. તેને ત્યારે પરિક્ષામાં ઓછા માર્કસ આવ્યા હોઈ આગળ જતાં ૧૨માં ધોરણમાં તકલીફ પડશે તેવી ચિંતામાં તે રહેતી હતી. આથી ઘરેથી શાળાએ જતી વખતે રસ્તામાં કોઈ દુકાનેથી એસિડ લીધુ હતું અને બાદમાં શાળાના પાર્કિંગ પાસે પી લીધુ હતું. હાલ આ મામલે માલવિયાનગર પોલીસે નોંધ કરી હતી.

# ગૃહકલેશથી કંટાળી ચાર બહેનના એકના એક ભાઈનો આપઘાત

## પાંચ મહિના પહેલાં જ લગ્નના તાંતણે બંધાયેલા ૨૫ વર્ષીય યુવાનની પત્ની માવતરે ગયાં બાદ ઝેરી દવા પી અંતિમ પગલું ભરી લીધું

### ચાર બહેનોએ એકનો એક ભાઈ ગુમાવતાં પરીવારમાં કલ્પાંતઃ પોલીસ દોડી ગઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની માલધારી સોસાયટીમાં ગૃહકલેશથી કંટાળી ચાર બહેનના એક ના એક ભાઈનો ઝેરી દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો. પાંચ મહિના પહેલાં જ લગ્નના તાંતણે બંધાયેલા કોલેજીયન ૨૫ વર્ષીય યુવાન મયુર ચુડાસમાની પત્ની માવતરે ગયાં બાદ અંતિમ પગલું ભરી લીધું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં ગાર્ડન પરોઠા હાઉસ માલધારી સોસાયટી શેરી નં.૦૨ માં રહેતો મયુર રમેશભાઈ ચુડાસમા (ઉ.વ.૨૫) ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે હતો ત્યારે પોતાના રૂમમાં જઈ ઘઉંમાં નાંખવાના ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારે જ તેમની નાની બહેન જોઈ જતાં પરિવારને જાણ કરી હતી.

દોડી આવેલ પરિવારજનોને યુવાને પોતે ઝેરી દવા પી લીધાની જાણ કરી હતી અને ઉલ્ટી કરવાં લાગતાં તેમને પ્રથમ અત્રેની અલગ-અલગ ત્રણ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

છેલ્લે ગિરિરાજ હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે જાણ થતાં બી. ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ અમીતા બકુત્રા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને



પીએમમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મૃતકના સ્વજનોએ જણાવ્યું હતું કે, મયુર કોલેજનો અભ્યાસ પૂરો કર્યા બાદ તેમના પિતાના ટ્રાન્સપોર્ટના ધંધામાં મદદ કરતો હતો.

તેમના લગ્ન પાંચ માસ પૂર્વે મંછાનગરમાં થયેલ હતાં. દસ દિવસ પહેલાં તેની પત્ની માવતરે ગયાં બાદ બંને વચ્ચે કોઈ અણબનાવ બન્યો હોય અને તેને અંતિમ પગલુ ભરી લીધાનું જાણવા મળી રહ્યું છે.બનાવની કરૂણતા એ હતી કે, મૃતક ચાર બહેનોનો એક નો એક ભાઈ હતો. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# ચિત્રોડ નજીક સ્વાગત રિસોર્ટ અને સાંગોદ્રા પાસે ધ ગીર પલ્સ રિસોર્ટમાં એલસીબીના દરોડા

## ગીરના રિસોર્ટમાં ચાલતી દારૂની મહેફિલો પર દરોડાઃ ૧૨ ઝડપાયા

**મુખ્ય સમાચાર,ગીરપંથક**

ગીર પંથકના રિસોર્ટ ફાર્મહાઉસોમાં ચાલતી દારૂની મહેફીલો સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે ઘોસ બોલાવી છે. ગતરાત્રીના સમયે ગીરપંથકના ૨ રિસોર્ટ પર દરોડો પાડતા પોરબંદર, રાજકોટ, ધોરાજીના નશાખોરો દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવતા તમામને જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગત રાત્રીના સમયે કઈઈ પી.આઈ એ.બી.જાડેજા, હ્જઈ આકાશસિંહ સિંધવ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે સાસણ ગીર નજીક ચિત્રોડ ગામની સીમમાં આવેલ સ્વાગત રિસોર્ટમાં દરોડો પાડતા વિદેશી દારૂની મહેફિલ માણતા રિસોર્ટ સંચાલક જેતપુરના રામજી મંદીર પાછળ રહેતો ૩૩ વર્ષીય વાણંદ પ્રશાંત જયસુખભાઈ ભટ્ટી, તેમજ રાજકોટ, નાન મવા સર્કલ નજીક રહેતા અને હોટલ વ્યવસાય ધરાવતા ૫૭ વર્ષીય પટેલ વિઠ્ઠલભાઈ ડાયાભાઈ અમીપરા, રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય વેપારી પટેલ બિપીન મોહનભાઈ, રાજકોટ કોટડાસાંગાણીના પડવલા ગામે રહેતા દરબાર સહદેવસિંહ ચંદુભા જાડેજા અને મહેન્દ્ર દેવજીભાઈ ચૌહાણ, પોરબંદર આશાપુરા ચોકડી નજીક રહેતા ખારવા રમેશભાઈ જાદવભાઈ વાંદરીયા, ખારવા હિતેષભાઈ મેઘજીભાઈ બાદરશાહી, ખારવા નારણભાઈ બાબુભાઈ સલેટ, ખારવા નિલેશ માવજીભાઈ લોઢારી વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા.

આવી જ રીતે સાંગોદ્રા ગામના પાટિયા નજીક બોરવાવ ગીર ગામની



સીમમાં આવેલી ધ ગીર પલ્સ નામના રિસોર્ટમાં દરોડો પાડતા રિસોર્ટ સંચાલક સાસણ ગીરના ખડાનેસનો ૨૧ વર્ષીય યુવક રબારી ભરત હાજાભાઈ, મુછાળ રબારી તેમજ તાલાલાના ગુંદરણ ગામે માલધારી વસાહતમાં રહેતા રબારી સુરેશ રામભાઈ કરમટા અને રિસોર્ટમાં નોકરી કરતો રાજકોટના કોઠારીયા રોડ સુરભી પાર્ક-૧માં રહેતો વાળંદ પરેશ મનસુખભાઈ કાલાવાડીયા વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. આ બન્ને રિસોર્ટમાં દારૂની મહેફિલ માણતા તમામ નશાખોરો સહિત રિસોર્ટ સંચાલકો વિરુદ્ધ તાલાલા પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુના નોંધી તમામને જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બે વર્ષ સુધી કાચો માલ આપવા પેટે દસ લોકો પાસેથી ડિપોઝિટના નામે રૂ.૧૭.૪૧ લાખ ઓળવી લઈ પિતા-પુત્રની છેતરપિંડી

- ગાંધીગ્રામ પોલીસે ગુનોં નોંધી ગઠીયાઓની શોધખોળ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના પિતા-પુત્રએ ડિસ્પોઝલ વાટકા બનાવવા માટેના મશીન આપી બે વર્ષ સુધી કાચો માલ આપવા પેટે દસ લોકો પાસેથી ડીપોજીટના નામે રૂ.૧૭.૪૧ લાખ મેળવી લઈ માલ ન આપી છેતરપીંડી કરી ભુગર્ભમાં ઉતરી ગયા હોવાથી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૮૦ ફુટ રોડ પર આવેલ જુનુ ગોપ વંદના સોસાયટીમાં રહેતા સુરેશભાઈ દેવાભાઈ જોગરાણાએ ગાંધીગ્રામ પોલીસમાં હેમલ બીપીનભાઈ વાસાણી અને બીપીન વાસાણી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા તેને ડીસ્પોઝલ વાટકા બનાવવા મશીન લેવાનું હોવાથી તે તેના મોટાભાઈ સાથે માધાપર ગામમાં આવેલ કેવલ એન્ટરપ્રાઈઝમાં ગયા હતા જયાં ઉપરોકત પિતા-પુત્રએ મશીન બતાવેલ અને કહ્યું કે તમને કાચો માલ આપીશ જે માલ તૈયાર કરીને મને જ આપવાનો રહેશે જેની ડીપોજીટ રૂ.૧ લાખ અને મશીન જોતું હોય તો રૂ.૨.૫૦ લાખ ડીપોજીટ પેટે ચુકવવાની રહેશે. તેમ વાત કરી હતી. બે દિવસ પછી રૂ.૩.૫૦ લાખ ચુકવ્યા હતા અને બે વર્ષ સુધી કાચો માલ આપશે તેવી વાત કરી હતી અને મશીન તેના ઘરે આવ્યું હતું.

એક મહિના સુધી પિતા-પુત્રએ કાચો માલ આપ્યો અને તે તૈયાર કરીને આપેલ જેના ઉપરોકત આરોપીઓએ પૈસા આપેલ હતા.બાદમાં એગ્રીમેન્ટ મુજબ માલ ન આપતા હોવાથી ફોન કરતા સંપર્ક થયો ન હતો જેથી માધાપર તેના ગોડાઉનમાં તપાસ કરતા ગોડાઉન બંધ કરી દીધું હતું અને આમ ઉપરોકત પિતા- પુત્રએ કાચો માલ આપવાનો વાયદો કરી રમેશભાઈ ગોસ્વામી પાસેથી રૂ.૧.૩૦ લાખ, વિશાલ ગોઢાણીયા પાસેથી રૂ.૨ લાખ, ધવલ ભંડેરી પાસેથી રૂ.૨ લાખ, પારસ સોજીત્રા પાસેથી રૂ.૧.૬૦ લાખ, ઘનશ્યામ સોજીત્રા પાસેથી રૂ.૧.૫૦ લાખ, બાબુ મકવાણા પાસેથી રૂ.૧.૩૦ લાખ, જયપાલસિંહ જાડેજા પાસેથી રૂ.૨ લાખ, અનીલ ઝાલા પાસેથી રૂ.૧.૩૩ લાખ, દિપક ખુંટ પાસેથી રૂ.૩ લાખ અને કમલેશ ગોસ્વામી પાસેથી રૂ.૨.૨૫ લાખ મળી કુલ રૂ.૧૭.૭૧ લાખની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી ગઠીયાઓને ઝડપી લેવા ચર્કોગતિકમાન કર્યા છે.

# નકલી લેખના આધારે કણકોટ નજીકની કિંમતી જમીન હડપ કરવા કારસો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં રેકર્ડ સાથે ચેડા કરી અસલી ઉપરથી નકલી છેડછાડ વાળા દસ્તાવેજ બનાવવાનું કૌભાંડ ઉજાગર થવાની સાથે જ મવડીમાં કરોડોની કિમતી સરકારી જમીન હડપ કરવા નકલી રાજાશાહી લેખ રજૂ કરનાર બે શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાયા બાદ આવા જ બે કિસ્સામાં જમીન કૌભાંડિયા તત્વો દ્વારા કણકોટ એન્જીનીયરીંગ કોલેજ સામે આવેલી કિંમતી જમીન હડપ કરવા દક્ષિણ મામલતદાર કચેરીમાં કરેલી અરજીઓને આધારે વધુ બે ફોજદારી ફરિયાદ નોંધાવવા તજવીજ ચાલુ હોવાનું જાણવા મળે છે. સુત્રમાંથી જાણવા મળતી વિગતો મુજબ રાજકોટ શહેરમાં તેમજ શહેરની ભાગોળે આવેલી સોનાની લગડી જેવી સરકારી જમીન બારોબાર હડપ કરવા માટે સક્રિય થયેલી ગેંગ દ્વારા રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીમાં વર્ષ ૧૯૩૨ની સાલના નકલી રાજાશાહી લેખ રજૂ કરી પોતાના પૂર્વજોના નામે રહેલી આવી જમીન પોતાના નામે ચડાવી આપવા અરજીઓ કરતા સમગ્ર મામલે જિલ્લા કલેકટર દ્વારા બારીકાઈ પૂર્વક તપાસ કરાવતા જમીન કૌભાંડી તત્વો દ્વારા અભિલેખાગાર કચેરીમાંથી આવા નકલી દસ્તાવેજો ઉભા કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું.બીજી તરફ રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીમાં રજૂ થયેલા કુલ ચાર પ્રકરણમાં નકલી રાજાશાહી લેખ રજૂ કરનારા તત્વો પૈકી બે કિસ્સામાં રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરી દેવામાં આવી છે. વધુમાં દક્ષિણ મામલતદાર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે, હજુ પણ આવા બે નકલી રાજાશાહી લેખ રજૂ કરી સરકારી જમીન પોતાની હોવાનો દાવો કરનારે કણકોટ નજીક એન્જીનીયરીંગ કોલેજ સામે આવેલ કરોડોની કિંમતી ૧૦-૧૦ એકર જમીન પોતાના બાપદાદાની હોવાનો દાવો કર્યો છે. જો કે, પ્રાથમિક તપાસમાં જ નકલી દસ્તાવેજ હોવાનું સામે આવતા આ બન્ને કિસ્સામાં પણ પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે, બીજી તરફ નકલી લેખ મામલે એક વ્યક્તિએ પોતાના દાવાને વધુ મજબૂત બનાવવા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરી જમીન પોતાની હોવાનું સાબિત કરવા પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળે છે.

# આરટીઓમાં ટુવ્હીલર નંબરની નવી સિરીઝ શરૂ થશે

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવે છે. કે અત્રેની કચેરીમાં મોટર સાયકલ પ્રકારના વાહનોને લગતી જીજે ૦૩ પીસી સીરીઝનું ઓકશન તા. ૨૪/૧૨થી શરૂ કરવામાં આવનાર હોઈ જીજે ૦૩ પીસી તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે. ઓકશનમાં ગોલ્ડન સીલ્વર તથા રેગ્યુલર નંબર મેળવવા માટે તા.૨૪ સાંજે ૪ કલાક થી તા.૨૯ સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન એપ્લીંક્શન કરવાની રહેશે. તેમજ તા. ૨૯ સાંજે ૪ કલાક થી તા.૩૧/૧૨ના સાંજે ૪:૦૧ કલાક સુધી ઓનલાઈન ઓક્શનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૩૧ સાંજે ૪:૧૫ના રોજ પરીણામ ઓનલાઈન જાહેર થશે. તથા મોટરકાર પ્રકારના વાહનોને લગતી જીજે ૦૩પીએ સીરિઝનું રી-ઓક્શન તા.૨૪થી શરૂ કરવામાં આવનાર હોઈ જીજે ૦૩પીએ સીરીઝના તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સીલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી રી-ઓક્શનમાં ભાગ લઈ શકશે.રી-ઓકશનમાં ગોલ્ડન સીલ્વર નંબર મેળવવા માટે તા.૨૪ સાંજે ૪:૦૦ કલાકે થી તા.૨૮ સાંજે ૪:૦૦ કલાક સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે.તેમજ તા.૨૮ સાંજે ૪:૦૦ કલાક થી તા.૩૦ના સાંજે ૪:૦૦ કલાક સુધી ઓનલાઈન ઓક્શનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૩૦ સાંજે ૪:૧૫ના રોજ પરીણામ ઓનલાઈન જાહેર થશે.

# પોલીસની તૈયારી કરતી યુવતીને માતા-પિતા સાથે લગ્ન મુદે ચડભડ થતા ફાંસો ખાઈ આપઘાત કર્યો

મૂળ ઉનાની અને છેલ્લા એક વર્ષથી રાજકોટમાં બહેન-બનેવી સાથે રહી પોલીસ ભરતીની તૈયારી કરતી ૩૦ વર્ષીય યુવતીને માતા-પિતા સાથે લગ્ન કરવા મુદે ફોનમાં ચડભડ થયા બાદ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે ભક્તિનગર પોલીસે દોડી જઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી. કોઠારિયા રોડ ઉપર તિરૂપતિ બાલાજી પાર્કમાં બહેન-બનેવી સાથે એક વર્ષથી રહી પોલીસ ભરતીની તૈયારી કરતી રેણુકાબેન કરશનભાઈ પરમાર ઉ.૩૦ નામની યુવતીએ ગત રાત્રે પંખામાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો મોટી બહેન કામેથી ઘરે આવી ત્યારે નાની બહેનનો લટકતો મૃતદેહ જોઈ દેકારો કરતા પડોશીઓ એકઠા થઈ ગયા હતા ૧૦૮ના સ્ટાફે જોઈ તપાસી મૃત જાહેર કરતા ભક્તિનગર પોલીસ ( મથકના પ્રશાંતસિહ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# પોલીસની પીસીઆર વાનને ફોર વ્હીલ ચાલકે ઠોકર મારી ૪૫ હજારનું નુકસાન કર્યું

શહેરમાં ઘંટેશ્વર પરોઠા હાઉસ પાસે ટાટા સુમોના ફોર વ્હીલ ચાલકે પોલીસની પીસીઆર વાનને ઠોકરે ચડાવી ૪૫ હજારનું નુકસાન થતાં ગાંધીગ્રામ પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. બનાવ અંગેની માહિતી મુજબ બંજરવાડી શેરી નં.૫ માં રહેતા અને રાજકોટ પોલીસના એમ.ટી વિભાગમાં આઉટસોર્સમાં ડ્રાઈવર તરીકે નોકરી કરનાર રાજેન્દ્રસિહ જયેન્દ્રસિહ રાણાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ટાટા સુમો નં. જીજે ૩ કેસી ૩૬૩૧ ના ચાલક પિયુષગીરી જનકગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૮), (રહે. શહીદ સુખદેવ ટાઉનશિપ, શીતલપાર્ક)નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ પોતાની ફરજ પર હતા અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પીસીઆર નં જીજે ૩ જીએ ૧૭૨૨ લઈ પીસીઆર ઈન્ચાર્જ જગદીશભાઈ ધુસડીયા અને હોમગાર્ડ સમીર કુરેશી સાથે ગાંધીગ્રામ વિસ્તારમાં રાત્રીના પેટ્રોલીંગમાં હતા દરમિયાન ૧૧:૫૫ કલાકે તેઓ ઘંટેશ્વર પરોઠા હાઉસ પાસે પહોંચતા ગાડીની સાઈડ લાઈટ આપી યુ-ટર્ન લેતા માધાપર ચોકડી તરફથી એક ટાટા સુમો પૂરપાટ ઝડપે આવતી હોય તેણે પીસીઆર વાનને ઠોકરે લેતા બોલેરો ડિવાડર સાથે અથડાઈ હતી.તપાસતા ૪૫ હજારનું નુકશાન થયું હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી આ મામલે પોલીસે ટાટા સુમર્મોના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# ગ્રીનલેન્ડ ચોકડીએ રસ્તા પહોળા કરાશે



શહેરમાં ટ્રાફિક સમસ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. વાહનોનો સંખ્યા વધતાં રોડ પર ટ્રાફિકજામ થતો જોવા મળે છે.ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી પરની ટ્રાફિક સમસ્યાનો નિવારણ લાવવા ટફિક પોલીસ અને આરએમસીના અધિકારીઓ મેદાને આવ્યા છે.અને તેઓએ સ્થળ પર વિઝિટ કરી રોડ પહોળો કરવા ચર્ચા કરવામાં આવી હતી. માહિતી મુજબ પોલીસ કમશીનરના દ્વારા રાજકોટ ખાતેની ટ્રાફિક સમસ્યા હલ થાય તે માટે આર.એમ.સી. સાથે સંકલન કરી ટુંકા તથા લાંબા ગાળાના આયોજન કરવા સૂચના કરવામાં આવઈ હોવાથી ટ્રાફિકના ડીસીપી પુજા યાદવ થતાં એસીપી જે.બી.ગઢવી તેમજ આર.એમ.સી.ના ડેપ્યુટી કમિશ્નર ખરે તથા હડીયા ગઈકાલના રોજ ગ્રીનલેન્ડ ચોકડી ખાતે સયુંકત વિઝીટ કરવા પહોંચ્યા હતા.અને અહીની ટ્રાફિક તેમજ પાર્કીંગની સમસ્યાનું નિરાકરણ લાવવા ટૂંકા સમયગાળામાં રોડ પહોળો કરવા તેમજ ટ્રાફિક સિગ્નલ વગર જ વાહન પસાર થઈ જાય તે રીતનુ આયોજન કરવા ચર્ચા કરી હતી.

# રાજકોટમાં પત્ની, સસરા અને સાળાના ત્રાસથી કંટાળી યુવકે કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ રહેતા મહેશભાઈ વિઝુડા નામના યુવાને તેના પત્ની સહીતના સાસરિયાંઓ ત્રાસ આપતા હોય અને છુટાછેડા ન આપી ધમકીઓ આપતા તેને સ્યુસાઈડ નોટ લખીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેથી આ મામલે યુનિવર્સિટી પોલીસે મરવા મજબુર કર્યાનો ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે આપઘાત કરનાર મહેશભાઈ વિઝુડાના નાના ભાઈ પિયુષભાઈ વિઝુડાની ફરિયાદ પરથી લોધીકાના વાજડી (વડ) ગામે રહેતી મહેશભાઈની પત્નિ હેતલબેન મહેશભાઈ વિઝુડા, સસરા કરસનભાઈ બાટા, સાળા કમલેશ કરસનભાઈ બાટા અને વિમલ કરસનભાઈ બાટા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, બે ભાઈ અને એક બહેનમાં મહેશભાઈ



મોટા હતા. મહેશભાઈના લગ્ન પાંચ વર્ષ પહેલા વડવાજડી ગામના કરસનભાઈ બાટાની દિકરી હેતલ સાથે થયા હતા તેને સંતાનમાં ૩ વર્ષની દિકરી છે. હાલ ભાભી હેતલબેન માવતરે છે. લગ્ન બાદ ભાભી મહેશભાઈ સાથે નાની નાની વાતે ઝઘડો કરતા હતા. દોઢેક વર્ષ પહેલા મહેશભાઈનો ફોન ખરાબ થઈ જતા ભાભી પાસે પડેલો ફોન માંગતા તેણે ફોન ન આપી ઝઘડો કર્યો હતો. અને બાદમાં ભાભી રિસામણે જતા રહ્યા હતા.ત્યારબાદ ભાભીએ તેમના ભાઈ મહેશભાઈ ઉપર ભરણપોષણનો કેસ કર્યો હતો જેની રકમ ભાઈ નિયમીત ભરપાઈ કરતો હતો.ભાભી ભાઈને દિકરીને પણ મળવા દેતા નહોતાં તેમજ ભાઈ તેના પત્નિ અને દિકરીને લેવા વડવાજડી જતા ત્યારે સાળા કમલેશ, વિમલ તથા સસરા કરસનભાઈએ તેમજ ભાભી મળી ચારેય ભાઈને માર માર્યો હતો અને ક્યારેય પણ અહિ આવવું નહિ તેમ કહી ધમકીઓ આપી હતી. ગત તા.૧૭મીએ મંગળવારના મહેશભાઈની કોર્ટમાં મુદ્દત હતી ત્યારે તેઓ ઘરે એકલા હતા. અને મહેશભાઈએ પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.અને આપઘાત પુર્વે મહેશભાઈએ સ્યુસાઈડ નોટ લખી હતી.જેમાંઆ હું મારી પત્નિ હેતલ, સસરા કરસનભાઈ, સાળા કમલેશ અને વિમલના ત્રાસથી આત્મહત્યા કરુ છું તમે લખ્યું હતું જેથી યુનિવર્સિટી પોલીસે મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# જેતપુરના ભોજાધારમાં ચાલતા જુગારધામમાં દરોડોઃ ચાર બાજીગરો પતા ટીંચતા ઝડપાયા

## રૂરલ એલસીબીનો દરોડોઃ રૂા.૩૦ હજારનો મુદામાલ જપ્ત

જેતપુરના ભોજાધાર વિસ્તારમાં ચાલતા જુગારધામમાં રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી ચાર શખ્સોને રૂા.૩૦ હજારની મતા સાથે દબોચી લીધા હતા. દરોડાની વગત મુજબ રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલ હરેશ પરમારને મળેલ ચોકકસ બાતમીના આધારે જેતપુરના ચાંપરાજપુર રોડ પર ભોજાધાર વિસ્તારમાં ચાલતા જુગારમાં દરોડો પાડી વિનુ ઉર્ફે પિન્ટો ચીના ગોહેલ કિશોર ઉર્ફે ટોની મનસુખ બારૈયા, હરેશ ઉર્ફે મુનો ધુસા ધામેચા અને અરવિંદ છગન મકવાણા (રહે. તમામ જેતપુર)ને દબોચી રૂા.૨૦૦૫૦ની મતા જપ્ત કરી કાર્યવાહી કરી હતી.